પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૧૨ | ૧૨ ઓક્ટોબર, ૨૦૨૨, બુધવાર; આસો વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મેડિકલ હબ બનવા તરફ ગુજરાતની હરણફાળ

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેડિસિટી અમદાવાદ ખાતે વિવિધ આરોગ્યલક્ષી પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત






ગાંધીનગર તા ૧૧

ગુજરાતમાં વિશ્વ કક્ષાની અત્યાધુનિક વિવિધ આરોગ્ય સુવિધાઓના સ્વપ્નદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં સિવિલ મેડિસિટી ખાતેથી રૂ. ૧૨૭૫ કરોડના વિવિધ આરોગ્યલક્ષી પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, સંસાધનોમાં સંવેદના જોડાય ત્યારે તેનો ઉપયોગ પરિણામલક્ષી બની શકે છે. જેનો લાભ ગરીબ, મધ્યમવર્ગ, મહિલાઓ અને બાળકોને મળે છે. સંસાધનો સાથે સંવેદના જોડાતા સંસાધનો સેવાનું ઉત્તમ માધ્યમ બને છે.

વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, શિક્ષણ અને સ્વાસ્થ્ય આ બે ક્ષેત્રો એવા છે જે માત્ર વર્તમાન જ નહીં પરંતુ ભવિષ્યને પણ સુરક્ષિત કરવાનું સમાર્થ્ય ધરાવે છે.

અમદાવાદ સિવિલ મેડિસિટીમાં વિવિધ આરોગ્ય પ્રકલ્પોને ખુલ્લા મુકતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, અમદાવાદ-ગુજરાતમાં વિશ્વની સૌથી એડવાન્સ મેડિકલ ફેસિલીટી ધરાવતી મેડિસીટી કાર્યાન્વિત થતા અમદાવાદ આજે મેડિકલ ટુરિઝમનું હબ બન્યું છે. મેડિસિટી માત્ર આરોગ્યની એક સંસ્થા જ નહીં પરંતુ ગુજરાતના સામર્થ્યનું પ્રતિક છે.

વડાપ્રધાનશ્રીએ આ અવસરે ૮૫૦ બેડની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ દેશની સૌથી મોટી કિડની હોસ્પિટલનું લોકાર્પણ, સિવિલ મેડિસિટીમાં ગુજરાત કેન્સર એન્ડ

● અનુસંધાન પાન-૭ પર

## જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ દેશના ૫૦મા મુખ્ય ન્યાયાધીશ બનશે

નવી દિલ્હી, તા.૧૧

ભારતની સર્વોચ્ચ અદાલતને ખૂબ જ ટૂંકાગાળામાં અનેક નવા મુખ્ય ન્યાયાધીશ મળી રહ્યાં છે. બે વર્ષના નજીવા સમયમાં ભારતને કુલ ૩ સીજેઆઈમળ્યા છે. દેશના વર્તમાન મુખ્ય ન્યાયાધીશ યુયુ લલિતનો કાર્યકાળ નવેમ્બર મહિનામાં સમાપ્ત થઈ રહ્યો છે ત્યારે તેમના ઉત્તરાધીકારી માટે લલિતે જસ્ટિસ ડીવાય ચંદ્રચુડનું નામ સૂચવ્યું છે.

દેશના નવા મુખ્ય ન્યાયાધીશ અંગે આજે, મંગળવારે વર્તમાન ચીફ જસ્ટિસ યુયુ લલિતે સુપ્રીમ કોર્ટના તમામ ન્યાયાધીશોને સવારે ૧૦:૧૫ વાગ્યે જજ લોન્જમાં ભેગા થવાનું આમંત્રણ આપ્યું હતુ, જેમાં જસ્ટિસ લલિતે પોતાના અનુગામીનું નામ સૂચવતો નામે એક પત્ર સરકારને સોંપ્યો છે.

અહેવાલ અનુસાર જસ્ટિસ ડીવાય ચંદ્રચુડનું નામ ભારતના ૫૦મા મુખ્ય ન્યાયાધીશ તરીકે સોંપવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર વતી કાયદા મંત્રાલયે સીજેઆઈલલિતને તેમના ઉત્તરાધિકારીના નામની ભલામણ મોકલવા વિનંતી કરી હતી.

## ભારત સહિત ૧૦૭ દેશોએ રશિયાના વિરોધમાં મતદાન કર્યું

### યુક્રેનના ચાર પ્રદેશો પર ગેરકાયદે કબજો કરવા બદલ રશિયા વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ડ્રાફ્ટ ઠરાવ લાવવામાં આવ્યો છે, રશિયાની નિંદા કરવા માટે ખુલ્લા મતદાનની માંગ કરવામાં આવી છે

નવી દિલ્હી,તા.૧૧

રશિયા યુક્રેન પર સતત બોમ્બમારો કરી રહ્યું છે. દરમિયાન, યુક્રેનના ચાર ભાગોના વિલીનીકરણ અંગે મોસ્કો વિરુદ્ધ પ્રસ્તાવના મત પહેલાં સોમવારે (૧૦ ઓક્ટોબર) સંયુક્ત રાષ્ટ્ર મહાસભા ખાતે બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે અથડામણ થઈ હતી. યુક્રેનના ચાર પ્રદેશો પર ગેરકાયદે કબજો કરવા બદલ રશિયા વિરુદ્ધ સંયુકત રાષ્ટ્ર મહાસભામાં ડ્રાફ્ટ ઠરાવ લાવવામાં આવ્યો છે.

આ ઠરાવમાં રશિયાની નિંદા કરવા માટે ખુલ્લા મતદાનની માંગ કરવામાં આવી છે, પરંતુ પુતિન આ માટે ગુપ્ત મતદાનની માંગ પર અડગ છે, જેને ભારતે નકારી કાઢ્યું છે અને વિરૂદ્ધ મતદાન કર્યું છે. આ ડ્રાફ્ટ પ્રસ્તાવ અલ્બેનિયા દ્વારા લાવવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે રશિયાએ યુક્રેનના ડોનેત્સ્ક, ખેરસન, લુહાન્સ્ક અને ઝાપોરિઝ્ઝ્યા ક્ષેત્ર પર ગેરકાયદેસર કબજો જમાવ્યો છે. ભારત સહિત યુએનના ૧૦૭ સભ્ય દેશોએ રેકોર્ડ વોટની તરફેણમાં મતદાન કર્યા બાદ ગુપ્ત મતદાનની મોસ્કોની માંગને નકારી કાઢવામાં આવી હતી.

## દ.આફ્રિકાને સાત વિકેટે હરાવી ભારતનો ૨-૧થી શ્રેણી વિજય

નવી દિલ્હી, તા.૧૧

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૩ મેચની શ્રેણીની ત્રીજી અને નિર્ણાયક મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ જેમાં ભારતે સાત વિકેટે આસાન વિજય મેળવવા સાથે વન-ડે શ્રેણી ૨-૧થી જીતી લીધી છે. ભારતીય કેપ્ટન શિખર ધવને ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકા માત્ર ૯૯ રન બનાવીને ઓલઆઉટ થઈ ગયું હતું. ૧૦૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે ૧૯. ઓવરમાં ત્રમ વિકેટના ભોગે ૧૦૫ રન બનાવીને આસાનીથી મેચ જીતી લીધી હતી. ૧૦૦ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ માટે શિખર ધવન અને શુભમન ગિલે ઈનિંગ્સની શરૂઆત કરી હતી, પરંતુ ફરી એકવાર ધવન કમનસીબ સાબિત થયો હતો અને ૮ રન બનાવીને રનઆઉટ થયો હતો. ભારતને બીજો ઝટકો ઈશાન કિશનના રૂપમાં લાગ્યો હતો. ઈશાન ૧૦ રન બનાવીને આઉટ થયો હતો. સાઉથ આફ્રિકાની વાત કરીએ તો ભારત સામે વનડેમાં આ તેમનો સૌથી ઓછો સ્કોર છે.

## રોજર બિન્ની બીસીસીઆઈના પ્રમુખ બનશે, જય શાહ યથાવત રહેશે

### સૌરવ ગાંગુલી આઈસીસીના પ્રમુખ તરીકે દાવો રજૂ કરી શકે છે



નવી દિલ્હી, તા.૧૧

ભારતના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર રોજર બિન્ની સૌરવ ગાંગુલીના સ્થાને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના અધ્યક્ષ બની શકે છે. બિન્ની ભારતની ૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ હતા. તે હાલમાં કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશન (કેએસસીએ)માં પદાધિકારી તરીકે સેવા આપી રહ્યા છે. આ સાથે જ જય શાહ પણ યથાવત રહેવાની શક્યતા છે. આ સિવાય રાજીવ શુક્લા ઉપપ્રમુખ તરીકે રહી શકે છે.

મળતી માહિતી મુજબ ઓક્ટોબર, ૨૦૧૯માં બીસીસીઆઈના પ્રમુખ બનેલા ગાંગુલી આગામી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના પ્રમુખ તરીકે પોતાનો દાવો રજૂ કરી શકે છે.

બીસીસીઆઈની ચૂંટણી ૧૮ ઓક્ટોબરે મુંબઈમાં યોજાશે, જ્યારે ૧૧ અને ૧૨ ઓક્ટોબરના રોજ નામાંકન દાખલ કરી શકાશે. ૧૩મી ઓક્ટોબરના રોજ નામાંકનોની ચકાસણી થશે અને ૧૪મી ઓક્ટોબર સુધી ઉમેદવારો તેમના નામાંકન પરત ખેંચી શકશે.

અગાઉ પણ એક અહેવાલ મળ્યો હતો કે, ૧૮ ઓક્ટોબરની ચૂંટણી માટે બીસીસીઆઈની ડ્રાફ્ટ ઈલેક્ટરોલર રોલર અને કર્ણાટક રાજ્ય ક્રિકેટ સંઘના પ્રતિનિધિના રુપમાં ગુરુવનારે કેએસસીએના સચિવ સંતોષ મેનન વાર્ષિક વાર્ષિક સામાન્ય સભામાં જોવા મળ્યા હતા.

## છત્તીસગઢમાં સીએમ ભૂપેશ બઘેલની નજીકના ઓફિસરોના ઠેકાણા પર રેડ

### છત્તીસગઢમાં ઈડીની મોટી કાર્યવાહી : સૂત્રોના અનુસાર થોડા સમય પહેલા EDએ ગેરકાયદેસર માઈનિંગને લઈને સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું

નવી દિલ્હી,તા.૧૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ છત્તીસગઢમાં મોટી કાર્યવાહી કરી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, મંગળવારે સવારે ૭ વાગ્યાથી કાર્યવાહી ચાલુ છે. ઈડીની ટીમો ૧૨થી વધુ સ્થળોએ હાજર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઈડીએ સીએમ ભૂપેશ બઘેલના નજીકના અધિકારીઓના અડ્ડાઓ પર દરોડા પાડ્યા છે.

જેમના ઠેકાણા પર ઈડી દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે તેમાં ઘણાં છજી અધિકારીઓ અને કેટલાક બિઝનેસમેનનો સમાવેશ થાય છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મંગળવારે સવારે છત્તીસગઢમાં ઘણાં છજી અધિકારીઓ પર દરોડા પાડ્યા હતા. જેમાં રાયગઢ કલેક્ટર રાનુ સાહુનું નામ પણ સામેલ છે.

તેમના સિવાય ખાણ વિભાગના અધિકારી જેપી મૌર્ય, ચિપ્સ અધિકારી સમીર બિશ્નોઈ, સૂર્યકાંત તિવારીના સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ઈડીની ટીમો પહોંચી ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર થોડા સમય પહેલા ઈડીએ ગેરકાયદેસર માઈનિંગને લઈને સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.

## પંજાબમાં પાંચ આતંકી મોડ્યુલનો પર્દાફાશ, ૧૦ દિવસમાં ૧૭ની ધરપકડ

### પંજાબમાં ટેરર મોડ્યુલને પોલીસ ટીમે ભારે નુકસાન પહોંચાડ્યું

ચંદીગઢ, તા.૧૧

પંજાબ પોલીસે છેલ્લા ૧૦ દિવસમાં ૧૭ લોકોની ધરપકડ કરીને ૫ મોટા આતંકવાદી મોડ્યૂલનો પર્દાફાશ કર્યો છે. આ ઉપરાંત પોલીસ ફોર્સે ૩ ગ્રેનેડ અને એક આઈઈડી પણ કબજે કર્યા છે. પોલીસ મહાનિરીક્ષક સુખચૈન સિંહ ગિલે કહ્યું કે, લખબીર સિંહ ઉર્ફે લાંડા, હરવિંદર સિંહ ઉર્ફે રિંડા અને અર્શ દલ્લા જેવા ગુંડાઓ આતંકવાદી બની ગયા છે તેમના દ્વારા ચલાવવામાં આવતા ટેરર મોડ્યુલને પોલીસ ટીમે ભારે નુકસાન પહોંચાડ્યું છે.

ગિલે જણાવ્યું કે, પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સમર્થિત આતંકવાદી મોડ્યૂલના ૩ સદસ્યોની ૧ ઓક્ટોબરના રોજ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ એક મોડ્યૂલનો પંજાબ પોલીસે પર્દાફાશ કર્યો હતો. આ મોડ્યૂલનું સંચાલન કેનેડામાં રહેતો લખબીર અને પાકિસ્તાનમાં રહેતો હરવિંદર કરી રહ્યો હતો.

સુખચૈન સિંહે જણાવ્યું કે, આઈએસઆઈ સમર્થિત ખાલિસ્તાન ટાઈગર ફોર્સના આતંકવાદી મોડ્યૂલનો પણ પર્દાફાશ કરવામાં આવ્યો હતો જેનું સંચાલન કેનેડા સ્થિત આતંકવાદી અને ગેંગસ્ટર અર્શદીપ કરી રહ્યો હતો. મોડ્યૂલના બે સદસ્યોની ચમકૌર સાહિબથી ધરપકડ કરવામાં આવી હતી.

## શિક્ષક ભરતી કૌભાંડમાં પ.બંગાળના ધારાસભ્યની ઈડી દ્વારા ધરપકડ

### આ પહેલા મંત્રી પાર્થ ચેટરજીની પણ ધરપકડ કરવામાં આવી હતી

કોલકાતા, તા.૧૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પશ્ચિમ બંગાળના શિક્ષક ભરતી કૌભાંડની તપાસ ઝડપી કરી દીધી છે. હવે આ મામલામાં ઈડીદ્વારા ટીએમસીના અન્ય ધારાસભ્ય માણિક ભટ્ટાચાર્યની ધરપકડ કરવામાં આવી છે. આ પહેલા મંત્રી પાર્થ ચેટરજીની પણ ધરપકડ કરવામાં આવી હતી અને તેમના ઠેકાણાઓમાંથી કરોડો રૂપિયા મળી આવ્યા હતા. માણિક ભટ્ટાચાર્ય પશ્ચિમ બંગાળ પ્રાથમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ હતા. આ વર્ષે જૂનમાં કોલકાતા હાઈકોર્ટના આદેશ પર તેમને પદ પરથી હટાવવામાં આવ્યા હતા. તેમના પર આ કૌભાંડમાં સામેલ હોવાનો આરોપ હતો અને ત્યારબાદ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો અને ત્યાં આદેશો આપવામાં આવ્યા હતા.માનિક ભટ્ટાચાર્ય આ કેસમાં ઈડીદ્વારા ધરપકડ કરાયેલા ટીએમસીના બીજા ધારાસભ્ય છે. આ અગાઉ પાર્થ ચેટરજીની જુલાઈમાં ધરપકડ કરવામાં આવી હતી. તેઓ ટીએમસીના વરિષ્ઠ નેતાઓમાંના એક હતા પરંતુ ઘેરાયા બાદ મમતા બેનર્જીએ તેમને પાર્ટી અને મંત્રી પદમાંથી હાંકી કાઢ્યા હતા. ઈડીએ પાર્થ ચેટરજીના નજીકના સાથી અર્પિતા મુખર્જીના બે ફ્લેટમાંથી રૂ. ૫૦ કરોડથી વધુ રકમ રિકવર કરી હતી.


